# મૂર્તિ

સર્વ સાધનનું ફળ

જાન્યુઆરી - ૨૦૨૫,
વર્ષ : ૨૨ અંક : ૦૧
વાર્ષિક : ₹૫૦/-






લંડન એરપોર્ટથી તા. ૯-૧૨-૨૪ ના વિદાય




ભુજ એરપોર્ટ પર તા. ૧૦-૧૨-૨૪ ના આગમન



સુરેન્દ્રનગર મધ્યે ઘનશ્યામ મહારાજ
દશાબ્દિ મહોત્સવ ઉપલક્ષે બ્રહ્મયજ્ઞ
તા. ૧૮-૧૨-૨૪







ધનુર્માસ તથા વિશ્વ ધ્યાન દિન ઉપલક્ષે ધુન તથા ધ્યાન કરતા શ્રી અબજીબાપા સંસ્કારધામના છાત્રો





## સુરેન્દ્રનગર મધ્યે ઘનશ્યામ મહારાજદશાબ્દિ મહોત્સવ ઉપલક્ષે બ્રહ્મયજ્ઞ

















RNI No.: GUJGUJ/2004/52455



# મૂર્તિ



જાન્યુઆરી : ૨૦૨૫

વર્ષ : ૨૨

અંક : ૦૧


**દિવ્ય પ્રેરણા**

પ.પૂ. અ.મુ. મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી



**તંત્રી**

શ્રી કલ્યાણ નારાણ વેકરીયા

**પ્રકાશક**

**શ્રી અબજીબાપાની છતેડી અને**
**હનુમાનજી મંદિર**

બળદિયા-ભુજ (કચ્છ)
મોબાઈલ : ૯૦૯૯૦ ૪૯૨૮૨
૯૦૯૯૦ ૪૯૨૮૪
E-mail : abjibapachhatedi@gmail.com
Website : www.abjibapanichhatedi.org

**લવાજમ**

| | |
|---|---|
| વાર્ષિક | : રૂા. ૫૦/- |
| પંચ વાર્ષિક | : રૂા. ૨૦૦/- |
| ૨૦ વાર્ષિક | : રૂા. ૫૦૦/- |
| વિદેશમાં ૨૦ વાર્ષિક | : રૂા. ૪૦૦૦/- |

**પ્રકાશન તારીખ**

દર માસની ૧૧ તારીખે

**પ્રિન્ટીંગ**

સ્વસ્તિક પ્રિન્ટર્સ-ભુજ
બેઝમેન્ટ, પિંડોરીયા ચેમ્બર્સ,
ન્યુ સ્ટેશન રોડ, ભુજ - કચ્છ.
E-mail : swastik.gr@gmail.com





| અનુક્રમ | પેજ |
|---|---|
| શ્રીહરિચરિત્રામૃતમ્ | ૪ |
| સહજ અમૃત | ૬ |
| અબજ અમૃત | ૭ |
| દિવ્યામૃત | ૮ |
| આધ્યાત્મિક જ્ઞાન | ૧૦ |
| અવગુણ-દ્રોહ ના કરવો | ૧૨ |
| ભગવાનનું તેજસ્વી સાકાર સ્વરૂપ | ૧૪ |
| આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય | ૧૫ |
| કેળવણી | ૧૭ |



# શ્રીહરિચરિત્રામૃતમ્

સદ્‌. શ્રી આધારાનંદ સ્વામી રચિત પદ્યનો સંક્ષિપ્ત ગદ્ય અર્થ

ગતાંકથી ચાલુ...

## નીલકંઠવર્ણીનું બદરીવનમાં ઋષીઓ દ્વારા સ્વાગત અને પ્રાર્થના. ત્યાંથી માનસ સરોવર થઈ બદરીકાશ્રમ પધાર્યા. ત્યાં પંજાબના રાજા રણજીતસિંહ સાથે મિલન અને ઉપદેશ.

- શ્રીહરિએ જોષીમઠના પૂજારી સેવકોને નરનારાયણના આશ્રમમાં જઈ તપ કરવાની ઈચ્છા વ્યક્ત કરી. ત્યારે તેમણે ના પાડી પણ શ્રીહરિના આગ્રહથી સેવકોએ રસ્તો બતાવ્યો અને ઠંડી ખાળે એવો એક ધાબળો આપ્યો. શ્રીહરિએ નરનારાયણના આશ્રમની વાટ લીધી. જોષીમઠના વાસી મનમાં આશ્ચર્ય પામ્યા અને માનવા લાગ્યા કે આ વર્ણી કોઈ અવતારરૂપ છે; નહિ તો હિમગિરિમાં કોઈ જઈ શકે નહિ.
- શ્રીહરિ હિમગિરિમાં ચાલ્યા જાય છે. નરનારાયણ આશ્રમ (બદરીવન) નજીક પહોંચ્યા ત્યારે નારાયણ ભગવાને નરને કહ્યું કે અક્ષરપતિ સર્વોપરી ભગવાન બાળસ્વરૂપે ઉઘાડા પગે એકલા આવે છે. માટે હિમગિરિને કહો કે તેમને સન્મુખ જાય અને તમે પણ ઋષીઓની સાથે સામા જાવો. હિમગિરિ દેવ જેવું રૂપ ધારણ કરી શ્રીહરિની સન્મુખ આવ્યા અને કર જોડી સાષ્ટાંગ દંડવટ કર્યા. પછી ઋષીઓની સાથે નર ઋષી પણ શ્રીહરિના દર્શન કરવા પહોંચે છે. શ્રીહરિ સર્વેને મળે છે અને સર્વ ઋષી શ્રીહરિને ફળફુલ અર્પણ કરે છે. તે ફળફુલનું બાલમુકુંદને નૈવદ્ય ધરી શ્રીહરિ ઋષીઓને પ્રસાદી આપે છે. ચાલતા વચ્ચે નદી આવે છે. સિદ્ધમુક્તોની સહાયથી એ નદી પાર કરી શ્રીહરિ ત્રીસ દિવસે બદરીવન પધાર્યા.
- નરનારાયણ જે આશ્રમમાં તપ કરતા હતા ત્યાં શ્રીહરિ પહોંચે છે, ત્યારે નારાયણ ઋષી સન્મુખ દોડીને આવ્યા, શ્રીહરિ પણ સામે દોડીને નારાયણને મળ્યા. ભવબ્રહ્માદિક અનેક દેવતાઓ વિમાનામાં બેસી દર્શન કરવા આયા અને પુષ્પની વૃષ્ટિ કરી. સાંજ પડવા આવી ત્યારે બીજા પણ તપસ્વી મુનિઓ તપમાંથી નિવૃત્ત થઈ શ્રીહરિ પાસે આવી ચરણમાં પડી સુગંધીમાન પુષ્પના હાર પહેરાવ્યા. નારાયણ ઋષી શ્રીહરિને કહેવા લાગ્યા, ''તમારા ચરણના પ્રતાપથી આ આશ્રમ પણ અક્ષરધામ જેમ પવિત્ર થયો.'' એમ કહી શ્રીહરિનો હાથ પકડી આશ્રમ ઉપર લઈ ગયા. રાત્રીના મુનિઓ એ રાળના કાષ્ઠની મશાલો કરી અજવાળું કર્યું. બદરીતળે આસન કરી આપ્યું. પાસે નારાયણઋષી પણ બેઠા.
- નારાયણ ભગવાન બોલ્યા, ''અહીંયા સૌ તમારું જ ચિંતવન કરે છે. પણ તમે આજ પ્રગટ મળ્યા તેથી અમારા સૌનાં તપ ફળ્યા. અમે કૃતાર્થ થયા છીએ. તમે તમારું સમાર્થ્ય છુપાવીને ફરો છો, પરંતુ આપ તો પૂર્ણકામ અને સર્વથી પર છો. તમારી મોટપથી બીજાની મોટપ છે. તપ, તીર્થ અને તેના ફળની તમારે ક્યાં જરૂર છે? તમે જ બધાયના ફલદાતા છો. તમારી મોટપથી જ બધા નભે છે. અમને સૌને રાજી કરવા તમે આવ્યા છો. આપ તો આકાશની જેમ અખંડ નિર્લેપ છો. દુર્વસાએ અહીં સહુને શાપ દીધો તેનું નિરાવરણ કરવા માટે તમે અવતારી પ્રગટ્યા છો.'' શ્રીહરિ ભરતખંડના ઈશ છો. અમે તમારા શિષ્ય થઈને રહ્યા છીએ. તપ કરવાની બહુ પ્રીતિ છે.

* છતાં તમે કહો તે અમારે કરવાનું છે. ''તમે સાક્ષાત ઈશ્વર હોવા છતાં ભરતખંડના જનના હિતને માટે તપ કરો છો. તેથી અમારા હિતને તમે જાણો એવું બીજા ન જાણી શકે,'' આમ અરસપરસ મહિમા કહી શ્રીહરિ નારાયણ ઋષીની અનુમતિ લઈ હિમગિરિને સાથે લઈ માનસરોવર જવા પ્રયાણ કર્યું.
* નારાયણ ઋષીના ગુણો ગાતાં ગાતાં શ્રીહરિ માનસ સરોવર પહોંચ્યા. તેમાં શ્રીહરિએ સ્નાન કર્યું. હિમગિરિ ફળ લાવ્યા તે નૈવેદ્ય કરી જમ્યા અને પ્રસાદી આપી. ત્યાં પાંચ દિવસ રહી હિમાચળને વિદાય કરી ચાલ્યા. તે અખાત્રીજને દિવસે બદરીનાથ મંદિરમાં આવ્યા. મંદિરના વર્ણી સેવકો શ્રીહરિને મળ્યા. તેમને શ્રીહરિએ બદરીવનની શોભા તથા નારાયણ ઋષીની તપ કરવાની રીતિ ત્યાંના પશુ-પક્ષીની રીતિ, વૃક્ષ-વેલી-ફળો અને છ મહિના ફળ ખાવા છતાં ક્ષુધા પીડતી નથી, અને કળિયુગનો તે આશ્રમમાં પ્રવેશ નથી. એ વૃતાંત કહ્યું. તે સાંભળી ને બધાં આશ્ચર્ય પામ્યા અને શ્રીહરિનો મહિમા જાણ્યો.
* શ્રીહરિએ બદરીવનની વાત કરી એ વાત પંજાબના રાજા રણજીતસિંહ બદરીનાથ દર્શન કરવા આવેલ તેમને સાંભળી આશ્ચર્ય પામ્યો. શ્રીહરિના ચરણમાં પડી પ્રાર્થના કરી કે હું તમારે શરણે આવ્યો છું તમે અમને તજશો નહિં. ત્યારે શ્રીહરિ કહે, ''અમે યોગી ને તમે ભૂપ, અમને વનની ને તમને મહેલની રુચી. અમને પગે ચાલવું ગમે અને તમને હાથીએ બેસવું ગમે. તમે વ્યસન, વિષય અને નારીમાં સુખ માન્યું છે ને તે માટે તીર્થ કરવા નીકળ્યા છો અને અમે ત્રિગુણાતિત ધામને વિષે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તેમાં સુખ માન્યું છે. અને તેનું આપેલ જ તમે ખાઓ છો. જો તમે અમારી મરજી પ્રમાણે વર્તો અને તમારી મરજી અમે ન રાખીએ તોય ક્યારેય ક્રોધ ન કરો તો અમે તમારી સાથે આવીએ. ત્યારે રાજા બોલ્યા તમારી મરજી હોય તેમ જ અમે નિયમમાં રહિશું. તમો નિર્બંધ વર્ણી છો. કોણ તમને બંધન કરી શકે ? રાજાનો આવો શુદ્ધ ભાવ જોઈ શ્રીહરિ પ્રશન્ન થયા અને કહ્યું અમે પહેલાં ગંગોત્રી તીર્થ કરી પછી તમારા શહેરમાં આવીશું. એમ કહી શ્રીહરિ ગંગોત્રી જવા પ્રયાણ કર્યું. રાજાથી શ્રીહરિનો વિયોગ સહન ન થતા તાવ આવ્યો અને અંતરમાં દુઃખી થઈ ગયા. ત્યાંથી રાજા હરિદ્વાર આવ્યા. વર્ણી પણ ગંગોત્રીથી હરિદ્વાર આવ્યા અને ફરીથી શ્રીહરિ સાથે મિલન થયું તેથી આનંદ થયો. શ્રીહરિને પ્રેમથી કંચનના થાળ આપ્યા. શ્રીહરિ પ્રેમથી જમ્યા અને રાજાને પ્રસાદી આપી કહ્યું કે ફરીથી આવશું ત્યારે તમારો સંકલ્પ પૂર્ણ કરશું. એમ કહી રાજાને શાંતિ થવા બે દિવસ તેમની પાસે રોકાયા અને ધર્મનો ઉપદેશ આપતા કહ્યું કે, ''અત્યારના રાજાઓ દાન, તીર્થ, વ્રત અને પુણ્ય કરે છે પણ હિંસામાં રુચી હોવાથી તેનું કરેલું બળી જાય છે. માટે દામ અને વામથી દૂર રહેવું.'' પછી પોતાના સ્વરૂપનું જ્ઞાન આપતાં કહ્યું કે, પ્રગટ હરિના અવતારની જેને ઉપાસના હોય અને ભગવાનને નિરાકાર રૂપે ન ભજે પણ મૂર્તિમાન ભજે અને સત્ય નો પક્ષ રાખે. અમે જે મળ્યા તે તે જ મળ્યા (અક્ષરધામનું સ્વરૂપ) એમ સદા યાદ રાખવું. આ મૂર્તિ વિના બીજું જે દેખ્યા સાંભળ્યામાં આવે તે કશું કામનું નથી.'' આ વાત સાંભળી રાજા આનંદ પામ્યો. ત્યારબાદ રાજા પોતાના દેશમાં(પંજાબમાં) ગયો અને વર્ણી છાનાં અયોધ્યામાં આવી સર્વે નિરખી મુક્તનાથ તરફ પ્રયાણ કર્યું.
* શ્રીહરિએ મુક્તનાથ (પુલ્હાશ્રમ)ની વાટ લીધી છે. ઘોર વન જેમાં જંગલી પ્રાણીઓ અને સૂર્યનો પ્રકાશ પૃથ્વી પર ન પડે એવું ઘાટ જંગલમાં ચાર દિવસ સળંગ ચાલ્યા ક્યાંય જળ પણ ન મળ્યું તેથી શરીર, શીથીલ થતાં ભૂમિ પર મૂર્છિત થઈ પડી ગયા. સચેત થતાં ચારેબાજુ નજર કરતા એક નદી જોવામાં આવી તેમાં સ્નાન કરી, દેવપૂજા કર્યા પછી જળપાન કર્યું. અને પાસે વડના ઝાડ થડે રાત્રી રહ્યા.

**ક્રમશઃ**

# સહજ અમૃત




★ ભગવાનના અવતાર એકાંતિક ધર્મનાં સ્થાપન અને પ્રવર્તન માટે થાય છે અને જે સત્પુરુષ છે તેને જીવને લૌકિક પદાર્થની હાણ-વૃદ્ધિ દેખીને હર્ષ-શોક નથી થતો પણ ભગવાનના માર્ગથી પાછો પડે ત્યારે ખરખરો થાય જે થોળાક કાળ જીવવું ને પરલોક બગડે. અને વળી જે એકાંતિક ભક્ત છે તેને દેહે કરીને મરવું એ મરણ નથી પણ એકાંતિક ધર્મથી પડી જવાય એજ મરણ છે. તે જયારે ભગવાન કે ભગવાના સંત તેનો હૈયામાં અભાવ આવ્યો ત્યારે તે એકાંતિક ધર્મમાંથી પડયો જાણવો અને કામ-ક્રોધાદિકે કરીને પડ્યો હોય તે ધર્મે કરીને તથા તપે કરીને દેવલોકમાં જાય. પણ જેને ભગવાન કે ભગવાનના સંતનો અભાવ લીધો હોય તે તો ભગવાનના ધામને ન જ પામે. અને પંચ મહાપાપે યુક્ત હોય પણ ભગવાન અને ભગવાનના સંતનો અવગુણ નથી લેતો તો તેના પાપ નાશ થઈ જાય અને ભગવાનના ધામમાં નિવાસ થાય માટે પંચ મહાપાપ કરતા પણ ભગવાન અને ભગવાનનો અવગુણ લેવો એ મોટું પાપ છે. (ગ.મ. ૪૬)

★ જેને મોક્ષનો ખપ હોય તેને સંતના સમાગમમાં રહેવું અને કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, પંચવિષયમાં આસક્તિ આદિ મલિન આશય અંતરમાં ન રાખવા અને જો આ સભામાં બેસીને મલીન આશય ન ટળ્યા ત્યારે બીજું ટાળ્યાનું ઠેકાણું ક્યાં મળશે? માટે સાધુ વઢીને કહે તેમ ગુણ લેવો પણ અવગુણ ન લેવો માટે આવો અવસર પામીને પોતાને બ્રહ્મરૂપ માની અશુભ વાસના ટાળીને જ મરવું. અને સંત-હરિભક્તે અરસ-પરસ મહાત્મ્ય જાણવું જે ગૃહસ્થ અન્ન-વસ્ત્રે કરીને સંતની સેવા કરે છે તેમ સંતોએ વાતે-ચીતે કરીને સેવા કરવી. એમ અરસ-પરસ મહાત્મ્ય સમજીને હરિભક્તની સોબત કરવી. (ગ.મ. ૪૭)

★ પ્રેમાનંદ સ્વામીએ ''વંદુ સહજાનંદ રસરૂપ...'' એ ધ્યાનની ગરબી ગાઈ તે સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા જે જેને આવું ભગવાનનું ચિંતવન છે તેને ફરીને ગર્ભવાસમાં આવવું પડે નહિ, અને એવી રીતે ભગવાનનું ચિંતવન છે તે તો જીવતા જ પરમપદને પામ્યો છે, તે તો કૃતાર્થ થયો છે ને તેને કાંઈ કરવું બાકી રહ્યું નથી. અને કાળ, કર્મ ને માયાના પાસથી મુકાણો છે. અને તેના મા-બાપ પણ કૃતાર્થ થયા જાણવા. અને મનુષ્ય દેહે કરીને એથી ઉપરાંત બીજો લાભ પણ નથી. એવા સંતને મધ્યે કોઈ નિમિત્ત ઉભુ કરીને જન્મ ધરવો એમ અમે પણ ઈચ્છીએ છીએ. અને ભગવાન વિના બીજા પદાર્થનું ચિંતવન કરતા દેહ મેલે તેને કોટી કલ્પે દુઃખનો અંત આવતો નથી.

# અબજ અમૃત



★ જેમ જળમાં પડ્યો તે કોરો રહે નહિ તેમ ધ્યાનમાં જાય તેના અવયવ શીતળ, ઈંદ્રિયો શીતળ, અંતઃકરણ શીતળ અને ચિત અખંડ ભગવાનના ચિંતવનમાં રહે, મૂર્તિથી બહાર આવે નહિ એ યોગીની નિદ્રા કહેવાય. એ મૂર્તિનું તેજ ઝળળળ ઝળળળ નીકળે છે. એ તેજમાં ઠરે પણ નહિ, બળે પણ નહિ, આનંદ આનંદ રહે. બીજુ કાંઈ ભાસે નહિ. એ સાધનમાં સર્વેએ રહેવું. એ સાધન સર્વે સાધનનું ફળ છે. (૧/૨૧૪)

★ મહારાજ કાં મહારાજના મળેલા મળે ત્યારે કલ્યાણ થાય. તે મળેલા કોને કહેવાય? તો જરા વાર પણ મૂર્તિથી જુદા ન થાય તે મળેલા કહેવાય. મોટા મુક્તની વૃત્તિ તો મહારાજ વિના બીજે છે જ નહિ. તેમની વાતો મૂર્તિથી બહારની હોય જ નહિ. તેમના હાથની પ્રસાદીથી, દૃષ્ટિથી, તેમને સ્પર્શેલા વાયરાના સ્પર્શથી પણ કલ્યાણ થાય. (૧/૨૧૪)

★ સર્વે જ્ઞાનનો રસ તે સાક્ષાત પુરુષોત્તમ નારાયણનું જ્ઞાન જે અનુભવ જ્ઞાન તે છે. એ ગૃહસ્થને અને ત્યાગીને સર્વેને કરવાનું છે. અજ જે અનાદિ તે કોઈ દિવસ માયામાં આવતા જ નથી. એવા અનાદિ મુક્ત મૂર્તિમાં રહ્યા થકા ખંપાળી નાખીને મુમુક્ષુને મૂર્તિમાં ઘસડી લે છે. તે ખંપાળી નાખી એટલે કૃપાસાધ્ય કહેવાય. પરોક્ષના કાર્યમાં રજોગુણ અને તમોગુણ છે પણ અહીં તો નૈમિષારણ્ય ક્ષેત્રમાં એવું એકેય નથી, આ તો દિવ્ય સભા છે. (૧/૨૧૫)

★ પ્રત્યક્ષ ભગવાનનું મનુષ્ય સ્વરૂપ વિચરતું હોય તેનો નિશ્ચય હોય પણ આત્મામાં મૂર્તિ દેખતો ન હોય તેથી આત્મામાં મૂર્તિ દેખે તે શ્રેષ્ઠ છે. મનુષ્યરૂપને દિવ્ય જાણતો હોય પણ પોતે દેહરૂપે વર્તે છે તેને ધક્કો લાગે છે. આત્મામાં દેખનારને ધક્કો ન લાગે. છતાંય સાચો ભાવ હોય તો મોટા પુરૂં કરી દે છે. (૧/૨૧૭)

★ પ્રકૃતિના કાર્યમાં માલ શું છે? આપણે એક શ્રીજીમહારાજને પકડીએ. તે આપણા ભેળા હોય તો હચ્યો (બસ). અમારે ઘેર એ એકજ વેપાર છે. બીજો વેપાર છેય નહિ ને કરશોય નહિ. મુક્તને તો એક શ્રીજીમહારાજ વિના બીજો આધાર નથી. શ્રીજીમહારાજનો અને તેમના અનાદિમુક્તનો જોગ એક સરખો છે. આ જોગે કરીને જન્મ ધરવા નહિ દઈએ. (૧/૨૧૭)



સત્સંગમાં પંચવર્તમાને યુક્ત સંત-હરિભક્તોનો દ્રોહ કરે તેને શ્રીજી મહારાજ તેડવા ન આવે.

# દિવ્યામૃત



## સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી

- ભગવાનને જેને અતિ રાજી કરવા હોય એને રાજી કરવાનો ઉપાય આ છે : ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને માહાત્મ્યે સહિત ભક્તિ એ ચારે સાધન દઢ કરવા તો ભગવાન બહુ જ રાજી થાય.
- સુખ આવે, દુઃખ આવે પણ કર્તા શ્રીજીમહારાજ ગણાય. મહારાજ સર્વકર્તા, એ દુઃખ મટાડનારા ને સુખે આપનારા એ અને એ જે કરતા હોય તે ભક્તનું સારું કરતા હોય. એવો ભગવાનનો મહિમા જાણી, ભગવાનની આજ્ઞામાં રહી ભગવાનની ભક્તિ -ઉપાસના, ધ્યાન-ભજન કરવું. વૈરાગ્ય કરતાં મહારાજ કહે, ભગવાનને વિષે પ્રેમભક્તિ છે તે વધારે બળવાન છે.
- મહારાજ ને મોટાનો એવો મહિમા પણ સમજવો જોઈએ. મોટા મળ્યા પછી કોઈને એમ થાય કે કેમ થશે? આપણો મોક્ષ થશે કે નહિ થાય? આપણું પુરું થશે કે અધુરું રહેશે? કે ફેર જન્મ લેવો પડશે? એવો સંકલ્પ રહે છે, એટલું અજ્ઞાન છે, એટલો મહિમા ઓછો છે. અને મહિમા જાણ્યા પછી તો એને એમ રહે કે, મને તો મહારાજે મુક્ત કરી નાખ્યો છે ને હું મહારાજની મૂર્તિમાં જ છું. પણ અત્યારે કાંઈ જણાવવા દેતા નથી. જેમ આખી પૃથ્વીનો રાજા હોય અને એનો દિકરો નાનો હોય દસ-બાર વર્ષનો, તો રાજય એને સોંપે? અને સોંપે તો એનાથી સચવાય? ન સચવાય. એમ મહારાજ અનંતકોટી મુક્તોનાં સ્વામી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે. જેને આવું શરણું મળે, આવા મોટા મળે, એ તો એનો દિકરો થયો. એતો મુક્ત થઈ ગયો. પણ એ સુખ અત્યારે ભોગવાવાય એવું નથી. એટલે જણાવવા દેતા નથી.



## અ.મુ.પ.પૂ. શ્રી સોમચંદબાપા

- શ્રીજીમહારાજની પ્રાપ્તિથી અધિક કાંઈ નથી. એ મૂર્તિનું દિવ્યસભાએ સહિત ચિંતવન, અનુસંધાન રહે તેવો ખટકો રાખવો.
- આજ્ઞા-ઉપાસના બેમાં સાવધાની રાખવી. પ્રાપ્તિમાં પૂર્ણ માનવું ને શ્રીજીમહારાજની પ્રસન્નતાને અર્થે જે કાંઈ બની આવે તે કરવું. મહારાજ કહે છે કે, ‘‘અનંત જન્મના સુકૃત ઉદય થવાના હોય, જેનો આ જન્મે જ આત્યંતિક મોક્ષ થવાનો હોય, તેને આ અમારી મૂર્તિની પ્રાપ્તિ થાય છે.’’ તે તો આપણા ભાગ્યમાં લખાઈ ગયા છે. આપણે મહારાજના ને મહારાજ આપણા, જેથી સદાય આનંદ રાખવો.



દેહ રાખવાનું તાન છે તેટલું જો મૂર્તિનું જતન કરે તો મૂર્તિ સાક્ષાત્ દેખાય.

## અ.મુ.પ.પૂ. શ્રી જાદવજીબાપા



- જ્યાં સુધી માયાનો અંશ છે ત્યાં સુધી દિવ્ય ગુણ નથી આવતા. પણ નિર્ગુણ કેમ થાય? તો મહારાજને જેવા છએ તેવા જાણે. જેવા તે અક્ષરધામમાં છે તે અનંત મુક્તોને સુખ આપે છે. એ દયા કરીને આપણે દર્શન દે છે. આપના મનોરથ પૂરા કરે છે. સેવા અંગીકાર કરે છે. આપના અનાદિના વિકાર છે તે કાંઈ તપે કરીને નથી ટળતા. તે મહારાજની દયાએ કરીને ટળે. દયાનો ઉપયોગ આપને કરવો. દયા ક્યારે થાય? દાસપણું રાખો તો ત્યારે... દાસ તમારા દાસનો મને રાખો નાથ. દાસપણું ક્યારે આવે? મહિમા સમજાય તો આવે. મહિમા ન સમજાય ત્યાં સુધી માયાના ગુણ છે. ઈ દાસપણું આવવા નથી દેતા. કે આવા ભગવાન મળ્યા. આવા મહારાજના મુક્તો મળ્યા. મનુષ્ય દેહ મળ્યો ને છતાં કામ ન કર્યું. પણ નબળા શબ્દ કામના, ક્રોધના, માનના, સ્વાદના, સ્નેહના એ નબળા શબ્દ પણ છે તે નીકળે કેમ? તે હું ને મારું જાય તો નીકળે. તે હું પણું મટી જાય ને હું મહારાજનો મુક્ત છું ને મહારાજ મારા ભેળા છે. તો મહારાજના વચનમાં ખબરદાર થઈને વર્તાય.

## અ.મુ.પ.પૂ. શ્રી નારાયણમામા



- ખીચડી ચડ્યા પછી તડ-તડ-તડ માથાકૂટ થાય છે? અવાજ થાય છે? પછી સ્થિર થઈ જાય. ઘડો છલકાય ક્યારે? અધૂરો હોય ત્યારે, પછી ન છલકાય. એ સુખમાં રહેવાય ત્યારે પૂરું થયું કહેવાય. એવો કેફ રાખવો કે હું મહારાજના સુખમાં જ રમણ કરું છું. એ સુખમાં રહ્યા થકા બધી જ ક્રિયા ભગવાનની ઈચ્છાથી થાય છે. ભણાવનારા ભગવાન, અભ્યાસ કરનારા ભગવાન, વિચારનારાય ભગવાન, બીજું બધુંય કરનારાય એ જ. બધું જ એ કરે. અને બધાય ભગવાનના મુક્ત સ્વરૂપો છે. બધાય મૂર્તિમાં રહ્યા છે.
- આપણું કેમ થશે? એમ સંકલ્પ થાય, ત્યાં સુધી શ્રદ્ધામાં ફેર છે. ત્યાં સુધી સુખનો અનુભવ ન થાય.
- નાસ્તિકપણાનો ભાવ લાવ્યા સિવાય આગળ વધવાનું. પછી એ ભગવાનની દયાથી અનુભવ થાય. જયાં સુધી ડગમગાટ હોય, ત્યાં સુધી દૃઢ કર્યા જ કરવું પડે. દૃઢતા ન થાય ત્યાં સુધી કેમ છે, કેમ નહિ એમ થાય. આ લોકના ભાવ જણાય. વળી પાછી વૃત્તિ ખેંચાઈને મૂર્તિમાંથી બહાર જતી રહે. સંકલ્પ-વિકલ્પ થાય. બીજું થાય, ત્રીજું થાય અને એમ થાય કે મૂર્તિમાં આપણે હશું કે કેમ? ત્યારે કૃપાસાધ્ય એનું નામ કે આ બધું છે છતાં તમે અમારા જોગમાં આવ્યા એટલે તમને અમે મૂર્તિમાં રાખી દીધા છે. બધું છે તમારામાં. દોષો રહે, કેટલાય જનમ થાય એવું છે. એ બધાય જનમ ટાળ્યા છે. અને તમને અમે સુખમાં રાખ્યા છે. એણે રાખ્યા છે માટે રહ્યા છીએ. રાખ્યા તો આપણને મનાવું જોઈએને! ન મનાય તો એટલું કાચું. કોઈક પૂછે તમે ક્યાં છો? તો મહારાજની કૃપાથી હું મહારાજની મૂર્તિમાં છું એવું બોલવું જોઈએ, બરોબર છે? એમણે રાખ્યા છે એવી શ્રદ્ધા ડગવી ન જોઈએ. રાખનારાએ રાખ્યા છે. પછી ગમે ત્યારે ગમે ત્યાં જાવ તોય એમ લાગે કે હું મહારાજની મૂર્તિમાં જ છું. મહારાજની મૂર્તિમાં હોઈએ તો પૂરું રક્ષણ મળેને! ચિંતા માત્રનો અંત આવી જાય. પૂરા નિર્ભય થઈ ગયાને! ભગવાનની મૂર્તિમાં રહ્યા પછી કોઈ ભય ડરાવતો નથી. સહી સલામત થઈ ગયા. આ વાતનું મનન કરતાં કરતાં એ પાકું થઈ જાય ને સાક્ષાત્કાર થાય.



આ તો અનંત રાજાઓના રાજા માંહી બેઠા છે. તે ભગવાનને મૂકીને બીજે મન લોભાવવા દેવું નહીં.

# આધ્યાત્મિક જ્ઞાન

સંકલન : અ.મુ.શ્રી મેઘજીભાઈ કે. વિઠાણી, વડોદરા

ગતાંકથી ચાલુ.....

૩૧૪ ભય/બીક : આપણા ચૈતન્યને મહારાજે ભેગો રાખ્યો છે એટલે હવે આપણે નિર્ભય છીએ. બધી બીક મટી ગઈ, બધા ભય જતા રહ્યા. કોઈ દહાડો કોઈની બીક રાખવી નહિ. બીક જેવું કોઈ દિવસ રાખવું જ નહિ. બીક શબ્દ જ ભૂલી જવાનો, પરાવાણીની ડીક્ષનરીમાં ભય શબ્દને સ્થાન જ નથી. ભય તો અહીં દેહભાવમાં પેદા થયા છે. દેહભાવ મટી જાય એટલે ભેગો ભય પણ જતો રહે, નિર્ભય થઇ જવાય. મહારાજ ડાબો હાથ અભયમુદ્રામાં રાખીને કહે છે કે અમે મળ્યા, અમારો અભય હાથ તમારા ઉપર પડયો, એટલે હવે અભય થઇ ગયા.- મામાશ્રી.

૩૧૫ જેની ભગવાનના નાના-મોટા વચન ઉપર નિરંતર દ્રષ્ટિ રહે તે આપત્કાળે પણ ધર્મમાંથી પડે નહિ- શ્રીજી મહારાજ.

૩૧૬ આ મારી જાત, આ મારી મા, આ મારો બાપ, આ મારા સંબંધી એવી રીતની અહંમમતાએ યુક્ત જેની સમજણ છે તેને તો અતિ પ્રાકૃત મતિવાળો અણસમજુ જાણવો. - શ્રીજી મહારાજ.

૩૧૭ બાઈ-ભાઈ હરિભકતોએ એકબીજાનું માહાત્મ્ય ઝાઝું સમજવું નહિ, કેમ જે એ માહાત્મ્યને મિષે કરીને મનમાં એનું મનન થાય એટલે સ્વપ્નમાં આવે, એ મોટું વિઘ્ન છે. માટે સૌનું સમપણે માહાત્મ્ય લેવું જે સર્વ ભગવાનના ભક્ત છે, પણ અધિક-ન્યૂનપણે લેવું નહિ. - શ્રીજી મહારાજ.

૩૧૮ રાજર્ષિ : બ્રહ્મર્ષિ :: જે આંટીએ કરીને વર્તમાન પાળતો હોય ને ભક્તિ કરતો હોય તે રાજર્ષિ કહેવાય. તુચ્છ સ્વાભાવની આંટી સંતને વચને કરીને મૂકે નહિ તે વર્તમાન પાળતો હોય તોપણ રાજર્ષિ છે. જે ભગવાનની પ્રસન્નતાને અર્થે વર્તમાન પાળતો હોય, ભક્તિ કરતો હોય તે બ્રહ્મર્ષિ કહેવાય. - શ્રીજી મહારાજ .

૩૧૯ માન :: મહારાજ કહે છે કે અમારી કે અમારા ભક્તની સેવા મળે તો મોટું ભાગ્ય માનીને પોતાના કલ્યાણ તથા ભગવાનની પ્રસન્નતાને અર્થે ભક્તિએ કરીને કરવી, પણ કોઈ વખાણે તે માટે એટલે કે માન માટે કરવી નહિ. જીવનો તો સ્વભાવ જ એવો છે જેમાં માન મળે તે જ કરવું સારું લાગે, માન વિના તો એકલી ભગવાનની ભક્તિ કરવી પણ સારી લાગતી નથી. જીવ માનને મૂકી શકતો નથી. જે જે સાધન કરે છે તે માનને વશ થઈને કરે છે પણ કેવળ ભક્તિ જાણીને ભગવાની પ્રસન્નતાને અર્થે કરતો નથી. ભક્તિ કરે છે તેમાં પણ માનનો સ્વાદ આવે છે ત્યારે કરે છે. પણ કેવળ પ્રસન્નતા માટે કરતો નથી. તે ઉપર મુક્તાનંદસ્વામીએ તુલસીદાસની સાખી કહી જે ''કનક તજ્યો કામીની તજ્યો, તજ્યો ધાતુકો સંગ, તુલસી લઘુ ભોજન કરી, જીવે માનકે રંગ.'' મહારાજ કહે, ''જેવો જીવને માનમાંથી સ્વાદ આવે છે એવો તો કોઈ પદાર્થમાંથી આવતો નથી, માટે માન તજીને ભક્તિ કરે તેને સર્વેમાં મોટો જાણવો.'' (મ.૩૧). માન-સન્માનના ધણી શ્રીજીમહારાજને અને મોટાને કરવા પણ પોતાએ ધણી થાવું નહિ. સત્કાર થાય છે તે ધણીને થાય છે ને અપકાર થાય છે તે દેહને થાય છે એમ જાણે તો કરોડો જીવને સુખિયા કરે એવો થાય. જેને પોતાનું કલ્યાણ ઇચ્છાવું તેણે (૧) કોઈ પ્રકારનું માન રાખવું નહિ જે હું ઊંચા કુળમાં જનમ્યો છું કે રૂપવાન છું કે પંડિત છું, એવું કોઈ પ્રકારનું માન રાખવું નહિ અને ગરીબ સત્સંગીના પણ દાસાનુદાસ થઇ રહેવું (૨) ભગવાન કે ભગવાનના ભક્તનો અવગુણ ન લેવો, દ્રોહ ન કરવો (૩) પોતાના દેહના સગા-સંબંધી સત્સંગી હોય તોપણ તેમનામાં અતિશે હેત ન રાખવું, સંસારમાંથી નિસ્પૃહ થઈને ભગવાનના ચરણારવિંદમાં પ્રીતિ રાખીને ભજન કર્યા કરવું. (છે.૧૨). માન, ઈર્ષ્યા ને ક્રોધ એ ત્રણેય દોષો કામ કરતા પણ અતિશે ભૂંડા છે. કામી ઉપર તો સંત દયા કરે પણ માની ઉપર ન કરે. માનમાંથી ઈર્ષ્યા ને ક્રોધ ઉપજે છે. માટે માન મોટો દોષ છે. માને કરીને

સત્સંગમાંથી પડી જાય છે એવો કામે કરીને પડતો નથી. માટે માન, ઈર્ષ્યા ને ક્રોધ એ ત્રણ ઉપર અમને અતિશે અભાવ રહે છે. માટે ભગવાનનું માહાત્મ્ય સમજીને માનને ટાળવું. - શ્રીજી મહારાજ (છે-૨૭). પોતાના ગુણના માનનો ત્યાગ કરીને ભગવાન ને સંતનો વિશ્વાસ રાખે તે સત્સંગમાં મોટપ પામે છે. (પ્ર.૬). માન, મોટપ, વિદ્યા, અધિકાર એમાં મોટપ માનવી નહિ. એક મહારાજની મૂર્તિમાં જોડાવું ને તે સુખમાં મોટપ માનવી. જે મૂર્તિથી ને આ સભાથી નોખા પડશે તેને સુખ નહિ આવે. માટે અનાદિનો વિશ્વાસ રાખવો. તર્ક કરશો તો ખોટ આવશે - ''પંડિતથી ગાઉ પચાસ, જ્ઞાનીથી ગાઉ વીસ, પ્રેમીને આસપાસ ને વિશ્વાસીને શીશ,'' માટે કોઈ પ્રકારનું માન રાખવું નહિ. માન કેમ ટળે ? ભગવાનનું ને સંતનું માહાત્મ્ય અતિશે સમજે તેને માન ન રહે. દા. ત. ઉધ્ધવજી કેવા ડાહ્યા હતા, નીતિશાસ્ત્રમાં કુશળ હતા ને દેહે કરીને રાજા જેવા હતા પણ ભગવાનનું માહાત્મ્ય સમજતા હતા તો ગોપીઓને વિષે ભગવાનનો સ્નેહ જોઇને તેમની આગળ પોતાનું માન ન રહ્યું ને એમ બોલ્યા જે એ ગોપીઓના ચરણની રજ જેને અડતી હોય એવા જે વૃક્ષ, લતા, તૃણ, ગુચ્છ તે માહેલો હું કોઈક થાઉં. તુલસીદાસજીએ કહ્યું છે જે ''તુલસી જાકે મુખનસે ભુલેઈ નિકસે રામ, તાકે પગકી પહેનિયા મેરે તનકી ચામ,'' આમ જેના મુખથી ભૂલમાય ભગવાનનું નામ નીકરે તેના માટે પોતાના શરીરની ચામડીના જોડા કરાવી આપે. કેવો મહિમા!! તો જે ભક્ત હોય ને ભગવાનનું માહાત્મ્ય સમજતા હોય તેની આગળ શું માન રહે? (લો.૧૬). સંતનો અભાવ શાણે કરીને આવે છે? માનીનો એવો સ્વભાવ હોય જે, જે વખાણે તેમાં સો અવગુણ હોય તો પડયા મૂકીને તેમાં એક ગુણ હોય તેને બહુ માને. જે પોતાને વખાણતો ન હોય તેમાં સો ગુણ હોય તે પડયા મૂકીને તેમાં કોઈક જેવો તેવો (અલ્પ) એક અવગુણ હોય તેને બહુ માનીને પ્રથમ મન તથા વચનથી દ્રોહ કરે ને પછી દેહે કરીને પણ દ્રોહ કરે. માટે માનરૂપ દોષ મોટો છે, તે સમજુમાં જ હોય ને ભોળામાં ન હોય એમ જાણવું નહિ, ભોળામાં તો સમજુ કરતાય ઝાઝું હોય છે (લો.૧૬).

૩૨૦ મહારાજના યથાર્થ નિશ્ચયવાળા મૂર્તિને સાક્ષાત્ દેખતા ન હોય પણ એના શબ્દ મહારાજના સંબંધના હોય તે જીવને બહુ સમાસ કરે છે. જેને જીવમાં ઊતરે તેને બ્રહ્મરૂપ કરી મૂકે છે, મુક્તરૂપ કરી મૂકે છે.

૩૨૧ રોમ એટલે શું? મૂર્તિના તેજની કિરણો નીકળે છે તેને રોમ કહે છે.

૩૨૨ નિશ્ચળ ભક્તિ ક્યારે થાય ? (૧) સ્ત્રી (૨) ધન (૩)દેહાભિમાન (૪) સ્વભાવ. આ ચાર વાનામાં આસક્તિ કાચપ્ય ન હોય ત્યારે (છે-૩૩).

૩૨૩ કેવા લક્ષણે યુક્ત સાધુમાં ભગવાન સાક્ષાત્ વિરાજમાન હોય ? (૧) ભગવાનને સદા સાકાર સમજે (૨) ભગવાનની એકાંતિક ભક્તિ કરે ને ભગવાનનું નામ-સ્મરણ કરતા હોય તેને દેખીને રાજી થાય (૩) સ્વભાવનો ત્યાગ કરે પણ ભક્તના સમૂહથી છેટે ન રહે (૪) સારું પદાર્થ ભક્તને આપીને રાજી થાય (૫) સરળ સ્વભાવ હોય (૬) વિમુખના સંગની અરુચિ વર્તે. આ છ લક્ષણે યુક્ત હોય તેને વિષે ભગવાન સાક્ષાત્ વિરાજમાન હોય. એવા સાધુનો દ્રોહ તે ભગવાનના દ્રોહ તુલ્ય છે ને એવા સાધુની સેવા ભગવાનની સેવા તુલ્ય છે.

૩૨૪ કુસંગમાં હેત કર્યું ક્યારે કહેવાય? શ્રીજીમહારાજના આશ્રિત ન હોય એવા સત્સંગ બહારના કુસંગીમાં તથા શ્રીજીમહારાજની આજ્ઞા ન પાળતા હોય એવા ત્યાગીમાં તથા એવા સત્સંગીમાં હેત ને પક્ષ હોય તો ત્યાગી તથા ગૃહસ્થને કુસંગમાં હેત કહેવાય - બાપાશ્રી

૩૨૫ સંબંધીમાં હેત કર્યું ક્યારે કહેવાય ? ત્યાગી પોતાના પૂર્વના માબાપ આદિ સંબંધીને સુખી-દુઃખી દેખીને હર્ષ-શોક કરે તથા તેની ખબર રખાવે, તેના સમાચાર પૂછે, તેને બોલાવે તે ત્યાગીને સંબંધીમાં હેત કહેવાય. ગૃહસ્થની વૃત્તિ પંચવર્તમાને યુક્ત એવા મહારાજના ભક્ત હોય તેના કરતા પોતાના સ્ત્રી-પુત્ર આદિક તથા સગા-સંબંધી તે મહારાજના ભક્ત ન હોય તેમનામાં ભક્ત કરતા વધારે વૃત્તિ ખેંચાય ને વધારે પક્ષ રહે તે ગૃહસ્થને સંબંધીમાં હેત કહેવાય (છ-૩૮).

**ક્રમશઃ**

# અવગુણ / દ્રોહ ન લેવા / કરવા વિષે

શ્રી રાજ વકીલ - અમદાવાદ

શ્રીજીમહારાજે વચનામૃતમાં ઘણી બધી જગ્યાએ ભગવાનના ભક્તનો અવગુણ ના લેવો કે તેમનો દ્રોહ ના કરવો તે વિષે વાત કરી છે અને તે બાબત ઉપર ખુબ જ ભાર આપ્યો છે. બાપાશ્રીએ ૧/૧૫૪મી વાતમાં જણાવ્યું છે કે શ્રીજીમહારાજે વચનામૃતમાં અડધો અડધ એ વાત લખી છે કે કોઈ મોટાનો અવગુણ ન લેવો. એમ જોતા અવગુણ ના લેવાની વાત કેટલી બધી અગત્યની છે તે જાણી શકાય છે. ગઢડા પ્રથમના ૧લાંના ચોથા પ્રશ્નમાં ''ઘણા દિવસથી સત્સંગ કરવા છતાંય કેટલાકને સત્સંગમાં ગાઢ પ્રિતી નથી થતી'' તેનું કારણ દર્શાવતા જણાવ્યું કે ''જ્યારે એ મુમુક્ષુને જે સાધુના સંગથી ભગવાનનું માહાત્મ્ય પરિપૂર્ણ જાણ્યામાં આવે છે તે સાધુ જ્યારે પોતાના સ્વભાવ ઉપર વાત કરે છે ત્યારે તે સ્વભાવને મૂકી શક્તો નથી ને તે વાતના કરનારા જે સાધુ તેનો અવગુણ લે છે તે પાપે કરીને સત્સંગમાં ગાઢ પ્રીતિ થાતી નથી, કેમ જે અન્ય સ્થળમાં પાપ કર્યા હોય તે સંતને સંગે કરીને જાય અને સંતને વિષે જે પાપ કરે છે તે પાપ તો એક સંતના અનુગ્રહ વિના બીજા કોઈ સાધને કરીને ટળતાં નથી તે માટે સંતનો અવગુણ જો ન લે તો એને સત્સંગમાં દઢ પ્રીતિ થાય.'' અત્રે વિદિત થાય કે અવગુણ લેવો એટલે કે કોઈને વિષે દુર્ગુણ, દોષ, ખામી, અપલક્ષણ વગેરેનો ભાવ પોતાના મન દ્વારા સંકલ્પિત થવું અને આવી રીતે અવગુણનો ભાવ મન દ્વારા સ્ફૂર્યા પછી કોઈનું મન, કર્મ તથા વચને અનિષ્ટ કરવું, નુકસાન કરવું તે દ્રોહ ગણાય છે તેથી જ શ્રીજીમહારાજ જણાવે છે કે જેને વિષે દોષ નથી એવા જે સંત તે પોતાના દોષને જયારે ખોદે ત્યારે જો દેહાભીમાનને યોગે તેવા સંતનો અવગુણ લેવાય તો તે વજલેપ બને છે, અર્થાત્ મુમુક્ષુ જીવની પ્રભુ પ્રાપ્તિની ઉત્ક્રાંતિમાં વિલંબ થાય છે અથવા તે સંપૂર્ણ અટકી પડે છે. કેમકે ભગવાનના સંબંધવાળા અને સંતના લક્ષણે યુકત એવા સંત/હરિભક્તના અવગુણથી ભગવાનનો અવગુણ આવ્યો ગણાય છે. જેનું પાપ લાગે છે. પ્રથમના ૪થા વચનામૃતમાં મહારાજે કહ્યું કે, ''ઈર્ષ્યા કરવી તો એવી કરવી જે જેની ઉપર ઈર્ષ્યા હોય તેના જેવા ગુણને ગ્રહણ કરવા ને પોતાના અવગુણને ત્યાગ કરવા, ને તેવું ન થવાય ને જે ઈર્ષ્યાએ કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થાય તેવી ઈર્ષ્યાનો તો ભગવાનના ભક્તને સર્વપ્રકારે ત્યાગ કરવો.'' પ્રથમના ૬માં મહારાજે કહ્યું કે, ''જે વિવેકી હોય તે પોતાના ગુણના માનનો ત્યાગ કરીને ભગવાન ને સંતનો વિશ્વાસ રાખે તે મોટપને પામે છે. અને અવિવેકીને એના દોષ ટાળવાની ભગવાન તથા સંત વાત કરે તો તેને માને કરીને અવળી લે અને તેથી ભગવાન ને સંતનો અવગુણ આવે તેથી તે સત્સંગમાં પ્રતિષ્ઠાહીન થઈ જાય છે.'' પ્રથમના ૧૬માં મહારાજે કહ્યું



આપણે તો મહારાજ પ્રગટ થયા ત્યારથી આત્યંતિક કલ્યાણની શરદઋતુ બેઠી છે.

કે, ''જે ભક્તને સત્-અસત્નો વિવેક હોય તે તો જે જે અવગુણ પોતામાં હોય તેને જાણે, ને વિચારીને તેનો ત્યાગ કરી દે, અને સંતમાં અથવા કોઈ સત્સંગીમાં કાંઈક અવગુણ પોતાને ભાસતો હોય તો તેને ત્યાગ કરી દે ને તેના જે ગુણ તેનું જ ગ્રહણ કરે અને પરમેશ્વરને વિષે તો તેને કોઈ અવગુણ ભાસે જ નહિ. અને ભગવાન અને સંત જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને પણ તેમાં સંશય ના કરે, એવી રીતે જે વર્તે ત્યારે જાણીએ જે તેને વિવેક છે.'' આજ વચનામૃતના રહસ્યાર્થમાં બાપાશ્રીએ સ્પષ્ટતા કરી કે જે દોષના પ્રાયશ્ચિત કરવાનાં કહ્યાં છે તે માંહેલો દોષ હોય તેનો અવગુણ લે તે અવગુણ લીધો ન કહેવાય. અર્થાત્ પંચવર્તમાનનો લોપ થાય તેનો અવગુણ જો આવે તો તેનો ત્યાગ કરીને પંચવર્તમાને યુક્ત સંત/ભક્તનો સમાગમ થઈ શકે માટે તે અવગુણ લીધો ન કહેવાય, પણ જેનું પ્રાયશ્ચિત ન કરવું પડે એવા સ્વાભાવિક અલ્પદોષ જેવા કે; બહુ બોલાવાની ને ધાર્યુ કરવાની પ્રકૃતિ હોય તથા દેહની ક્રિયા કોઈને મળતી આવે એવી ન હોય ને સરળપણું ન હોય એવા સ્વભાવ દેખાય. જેમાં મુમુક્ષુને ભક્તનો દ્રોહ કરવાનો ઈરાદો ના હોય પણ કુદરતી ઉપર કહ્યો એવો સ્વભાવ દેખાતો હોય, તે અલ્પદોષ કહ્યા છે. તેવા અલ્પદોષ દેખાય તો અવગુણ ના લેવો એમ મહારાજે કહ્યું છે. પ્રથમના ૨૪માં મહારાજે વિવેક શીખવાડતાં કહ્યું છે કે, ''જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે આનો સ્વભાવ તો સત્સંગમાં ન ઘટે એવો છે તોય પણ એને જો સત્સંગ મળ્યો છે ને જો એ જેવો તેવો છે તોય પણ સત્સંગમાં પડયો છે, ને આવો સત્સંગ મળ્યો છે. એમ સમજીને તેનો પણ અતિશે ગુણ લેવો.'' વળી તેમાંજ મહારાજે કહ્યું કે, ''અલ્પમતિવાળા ભગવાનને વિષે જેવા જેવા દોષ કલ્પે છે તે ભગવાનને વિષે તો એકે દોષ નથી. પણ કલ્પનારાની બુધ્ધિમાંથી એ દોષ કોઈ કાળે ટળવાના નહિ. જેમ સૂર્ય સામી ધૂળની ફાંટ ભરીને નાખીએ તે પોતાની આંખમાં પડે છે, તેમ ભગવાનને વિષે જે જાત્યનો દોષ કલ્પે છે તે પોતાને દુઃખ દે છે, અને પોતામાં ગમે તેવાં ભૂંડા સ્વભાવ હોય ને જો ભગવાનને અતિશે નિર્દોષ સમજે તો પોતે પણ અતિશે નિર્દોષ થઈ જાય છે.'' પ્રથમના ૨૮માં મહારાજે કહ્યું કે, ''જે સત્સંગી સત્સંગમાંથી પાછો પડવાનો હોય તેને અસદ્વાસના વૃદ્ધિ પામે ને સત્સંગી માત્રનો અવગુણ આવે ને પાછો પડી જાય. અને સત્સંગમાં વધારો થવાનો હોય તેને શુભ વાસના વૃધ્ધિ પામે ને સત્સંગી માત્રનો હૈયામાં ગુણ જ આવે અને સર્વે હરિભક્તને મોટા સમજે ને પોતાને ન્યૂન સમજે ને આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે ને સત્સંગમાં અતિશે મોટપને પામી જાય છે.'' અર્થાત્ શ્રીજીમહારાજની આજ્ઞા-ઉપાસના યુક્ત ભક્તનો ગુણ આવવાથી મુક્તપણાની બુધ્ધિ થવાથી દેહ છતાં એવા મુક્ત મળ્યા તેનો આનંદ આવે છે ને પોતે મુક્ત થાય તે મોટયપ પામે છે.

ક્રમશઃ


જો કોઈ પોતાનું સર્વસ્વ મહારાજને અર્પણ કરે તો તેને મહારાજ પોતાનું સર્વસ્વ અર્પણ કરે છે.

# અનેકવિધ તેજસ્વિતા સભર ભગવાનનું સાકાર સ્વરૂપ

પ્રા. સૂર્યકાન્ત ભટ્ટ - ભુજ

આ ફના જગતના માનવીને ભગવાન વિશે જાણવાની અનેક ઘણી જીજ્ઞાસાઓ તેમના મનમાં ધરબાયેલી રહે છે. ખાસ તો ભગવાન કેવા હશે? તેમનો દેહ કહો કે અંગ ઉપાંગો કેવા હશે? શું તેઓ એ અંગો દ્વારા જગતનું નિર્માણ કરતા હશે? અત્યાર સુધીમાં ભગવાને કેટલા જીવાત્માઓ સર્જયા હશે? હવે પછી કેટલા સમય સુધી સર્જન કરશે? આવા અનેકવિધ આંટીઘૂંટીવાળા પ્રશ્નોના પ્રત્યુત્તર મેળવવા આજે તો માનવી વલખાં મારે છે.

સંતો, રૂષિ-મુનિઓ, વૈરાગીઓ, તત્ત્વજ્ઞાનીઓએ ભગવાનના સ્વરૂપની ચર્ચાઓ કરી છે. જે સાધકને જેવું દૃષ્યમાન થયું તેવી વાત ભગવાનના સ્વરૂપની સાધકે કરી છે. ભગવાન સદા સાકાર છે. તે નિરાકાર નથી. આપણા મનુષ્યપણા જેવો નશ્વર દેહ નથી. કોઈ કવિએ લખ્યું કે, ''કોઈ કહેશો કે ભગવાન કેવા હશે? કેવા હશે, શું કરતા હશે?'' ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતા, મીરાબાઈ, સૂરદાસ આદિને ભગવાને દર્શન આપ્યા, જે તેમણે તેમની કાવ્ય રચનાઓ કે પદોમાં રચેલી છે. પશ્ચિમી દર્શન શાસ્ત્રીઓ સોક્રેટીસ, ટબેરો, નિત્યે આદિએ સ્વચિંતન રજુ કર્યા છે.

ભારતમાં શંકરાચાર્યજી, શ્રી અરવિંદ, રમણ મહર્ષિ, પૂજ્ય મોટા વગેરે દ્વારા ભાગવદ્‌સ્વરૂપનું જ્ઞાન પીરસાયું છે. પરંતુ મહાગ્રંથ ભગવદ્‌ગીતાજીમાં ભગવાનના સ્વરૂપની સુંદર સમજણ નિરખાય છે. સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વમનુષ્યલીલા દરમ્યાન વચનામૃતોમાં સાકાર સ્વરૂપની ઘણીજ તલસ્પર્શીય વિગતો આપી છે.

શાસ્ત્રો અને સૂત્રો અનુસાર ભગવાનનો દેહ અપ્રતિમ પ્રકાશમય તેમજ અતિ સૌંદર્યસભર છે. તેમને મળ-મૂત્રના ઉત્સર્મ માર્ગ નથી હોતા. ચો તરફથી પ્રકાશે યુક્ત નિરખી શકાય છે. તેમના સ્વરૂપનો પડછાયો હોતો જ નથી. સ્વપ્રકાશીત છે. ભક્તજનને જેવું સ્વરૂપ દર્શાવવું હોય તેવું સ્વરૂપ દર્શાવી તે ભક્તની મનોકામના પૂર્ણ કરે છે. આંખના માત્ર એક જ પલકારામાં જો ભગવાનના સદેહપણાના દર્શન થઈ જાય તો જાણે લાખો વર્ષથી આવું સુખ પામ્યાની અનુભૂતિ થાય છે.

શ્રીજીમહારાજે ગઢડા મધ્ય પ્રકરણના ૭માં વચનામૃતમાં સંબોધ્યું કે, ''કોઈ રીતે ભગવત્ સ્વરૂપનો દ્રોહ ન થાય તેવો જ્ઞાન માર્ગ સમજવો.'' મધ્યના ૧૪માં પ્રકરણમાં ઉદ્‌બોધ્યું કે, ''ભગવદ્ સ્વરૂપમાં તદાત્મકભાવ થયેલાનો નિશ્ચય કદાપિ ટળે નહિ'' ૧૭માં પ્રકરણમાં જણાવ્યા અનુસાર ભગવાનનું સ્વરૂપ તત્ત્વે સહિત કે રહિત કહેવાય નહિ. ''સ્થિત પ્રજ્ઞનું આ લક્ષણ છે.''

સંવત ૧૮૮૩ના ભાદરવા વદ-છઠ્ઠના દિવસે સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ શ્રી ગઢડા મધ્યે દાદાખાચરના દારબારમાં પોતાના જાયગાના ઉતારાની વિષે ગાદી તકિયા પર બિરાજમાન હતા. તેઓશ્રીની સમીપે દેશદેશના ભક્તો મુનિઓ બિરાજમાન હતા.

શ્રીજીમહારાજે સ્વયં વર્ણવ્યું કે, ''અમારા અંતરનો જે સિધ્ધાંત છે તે કહીએ છીએ. જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તો ભગવાન ને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કોઈ જગતમાં સુખદાયી નથી. માટે જેમ પોતાના દેહને વિષે આત્મબુધ્ધિ વર્તે છે તેવી જ આત્મબુધ્ધિ ભગવાન અને ભગવાનના સંત વિષે રાખવી જોઈએ.''

ભગવાનનું બ્રહ્મપુર ધામ છે તેને વિષે ભગવાન સદાય સાકાર મૂર્તિમાન વિરાજમાન છે અને ભગવાનના ભક્ત પણ ભગવાનની સેવામાં સાકારપણે રહે છે.



ચમક લોઢાને ખેંચે તેમ મહારાજ, પોતાના થયા હોય તેને પોતાની મૂર્તિમાં ખેંચી લે છે.

# વચનામૃતમાં આત્મનિષ્ઠા અને ભગવાનનું મહાત્મ્ય

**ગતાંકથી ચાલુ.....**

સંકલન :- કલ્યાણ નારણ વેકરીયા-બળદીયા

વચનામૃતમાં આત્મનિષ્ઠાની દઢતા અને ભગવાનનો મહિમા સમજવાની વાત શ્રીજી મહારાજે સવિષેશ કહી છે, અને સર્વે પ્રશ્નના સમાધાનરૂપ આ વાત કરી છે. આત્મનિષ્ઠામાં ધર્મનિષ્ઠા તથા ત્યાગનિષ્ઠા સમાવિષ્ટ છે અને ભગવાનના મહિમામાં સ્વરુપનિષ્ઠા અને ભક્તિનિષ્ઠા સમાવિષ્ટ છે. તેનું આચમન કરીએ.

**વચનામૃત — આત્મનિષ્ઠા**

પંચાળા-૧ કયા વિચારને પામે ત્યારે સારા પંચવિષય ભૂંડા કે ભૂંડા કરતા ભૂંડા સરખા થઈ જાય? પશુ, મનુષ્ય, દેવતા, બૃહસ્પતિ, બ્રહ્મા, વૈકુંઠલોક, ગોલોક તથા અક્ષરધામનું સુખ એક એકથી અધિક છે એ બુધ્ધિવાળો હોય તેના જાણ્યામાં આવે છે. અને ભગવાનના અક્ષરધામમાં ભગવાનના સુખનો વિચાર કરીએ છીએ ત્યારે ભગવાનના સુખમાં દષ્ટિ પૂગી જાય છે અને તેથી ઓરા બીજા સુખની તુચ્છતા જણાઈ જાય છે. આ વિચાર જેના હૃદયમાં દઢ ઠર્યો હોય તે તો વચમાં કોઈ ઠેકાણે રહે નહિ ઠેઠ ભગવાનના ધામમાં જ પૂગે. આવા વિચારને પામે ત્યારે સારા પંચવિષય પણ ભૂંડા કે ભૂંડા થકી ભૂંડા થઈ જાય.

પંચાળા-૨ આધુનિક સાંખ્યવાળો માયિક આકારનું ખંડન કરવા જાય છે તે ભેળા તીર્થ, પ્રતિમા, વ્રત, યમ, નિયમ, બ્રહ્મચર્યાદિક ધર્મ, બ્રહ્મા, વિષ્ણુ, શીવ તથા રામકૃષ્ણાદિક અવતાર એ સર્વેનું ખંડન કરે છે અને નિર્ગુણ એવા જે વાસુદેવ તેનું જ ગ્રહણ કરે છે.આધુનિક યોગવાળો સર્વેથી પર જે પુરુષોત્તમ શ્રીકૃષ્ણ તેના આકારનું સ્થાપન કરવા જાય છે ત્યારે બીજા જીવના આકાર તથા બ્રહ્મા, વિષ્ણુ, શીવના

**ભગવાનનું મહાત્મ્ય**

પંચાળા-૪ : વેદાદિ શાસ્ત્રને વિષે ભગવાનનું સનાતન અનાદિ દિવ્ય એવું જે મૂળરૂપ પોતાના અક્ષરધામમાં રહ્યું છે તે કહ્યું છે. અને ઈંદ્રિયો-અંતઃકરણ થકી અગોચર અને તે થકી જાણ્યામાં કે અનુભવ્યામાં આવે એવા એ ભગવાન નથી અને ભગવાનનું જેવું ધામ છે એવું સ્થાનક આ બ્રહ્માંડમાં કે બ્રહ્માદિક દેવોના સ્થાનક નથી. જે તેને ઉપમા દેવાય. અને એ ધામને વિષે રહ્યા જે ભગવાનના ભક્ત તેને જેવું સુખ છે તેવું કોઈને સુખ નથી જેની ઉપમા દઈએ. અને ભવગાનનો આકાર છે તેવો આ બ્રહ્માંડમાં કોઈનો આકાર નથી જેને એને ઉપમા દઈએ. એવા ઈંદ્રિયો-અંતઃકરણને અગોચર એવા ભગવાન અસંખ્ય સમૃધ્ધિ, અસંખ્ય પાર્ષદ તેણે યુક્ત અનંતકોટી બ્રહ્માડના પતિ છે, મહારાજાધિરાજ છે ને દિવ્યરૂપ છે. ને બ્રહ્માંડ-બ્રહ્માંડ પ્રત્યે રહ્યા જે બ્રહ્માદિક દેવો તે એ ભગવાનની પ્રાર્થના કરે છે જે હે મહારાજ! તમે અમને દયા કરીને દર્શન દયો ને અમારા બ્રહ્માંડમાં પધારો, ત્યારે એ જે ભગવાન તે બ્રહ્માંડમાં જ્યાં જેવું કાર્ય તેવા દેહનું ધારણ કરે છે, અને જયારે મનુષ્ય દેહ ધારણ કરે છે ત્યારે મનુષ્યના જેવી જ ક્રિયા કરે છે અને મનુષ્યના જેવો જ સ્વભાવ ધારે છે. ત્યારે એ મનુષ્ય સ્વરૂપનું પણ વર્ણન સર્વ શાસ્ત્રમાં કર્યું છે અને મૂળ જે દિવ્ય સ્વરૂપ તેનું પણ વર્ણન કર્યુ છે. એવા એ ભગવાન જયારે મનુષ્યરૂપે દર્શન આપે છે ત્યારે પોતાના ઐશ્વર્યનો સંકોચ કરીને મનુષ્ય જેવા જ થઈને દર્શન આપે છે, ત્યારે તે મનુષ્યને દર્શનમાં, સ્પર્શમાં તથા નવ પ્રકારની ભક્તિ કર્યામાં આવે છે. એમ મનુષ્યરૂપે એ ભગવાન થાય છે ત્યારે પોતાનો દિવ્યભાવ છુપાવી રાખવો તે ઉપર જ પોતાની દષ્ટિ રહે છે. આવી રીતે જેણે યથાર્થ ભગવાનને જાણ્યા હોય તેને નિશ્ચયમાં સંશય ન થાય નહિંતર સંશય જરૂર થાય.

પંચાળા-૬ : આ અવતાર સર્વોત્કર્ષપણે વર્તે છે. એવી રીતે જેની પ્રત્યક્ષ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં અચળ મતિ હોય ને એ મતિ કોઈ દિવસ વ્યભિચારને ન પામતી હોય ને તેની વતે કોઈ કુસંગે કરીને કદાચિત કાંઈક અવળું-સવળું વર્તાઈ ગયુ હોય તો પણ તે કલ્યાણના માર્ગ થકી પડે નહિ. એનું કલ્યાણ જ થાય.

પંચાળા-૩ આકાર તથા રામ-કૃષ્ણાદિક અવતારના આકાર તે સર્વેને તુલ્યપણે જાણે છે. માટે સાંખ્ય વિચારે કરીને પોતાના આત્માને સર્વેથી પૃથક શુધ્ધ બ્રહ્મરૂપ માનીને પછી જીવના કલ્યાણને અર્થે પ્રગટ થયા જે ભગવાન તેના રૂપને સત્ય જાણીને તેનું આત્માને વિષે ધ્યાન કરવું. પણ આધુનિક ને માર્ગે ચાલે તે નારકી થાય છે. જેને બુધ્ધિ હોય તેને ભગવાનમાં હેત કેમ કરવું? તો જે ચોવીસ તત્ત્વ છે તે થકી પોતાના જીવને પૃથક જાણવો અને જીવને વિષે ઈન્દ્રીયોની વૃત્તિ ખૂંતીને રહી છે તેને ઉખાડી નાખીને જીવ સત્તાપણે રહ્યા થકા નિર્ગુણપણે ભગવાનમાં હેત કરવું. તે નિર્ગુણપણું તે શું? તો સત્વ, રજ, તમ એ ત્રણ ગુણ તથા સ્થૂળ, સુક્ષ્મ ને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા એ સર્વે ક્ષેત્ર છે તે ક્ષેત્રને પોતાના આત્માથી પૃથક જાણે ને ક્ષેત્રજ્ઞ એવો હું તે એ મારે વિષે હોય નહિ. હું તો એનો જાણનારો છું, અતિ શુદ્ધ છું, અરૂપ છું, અલિંગ છું, ચૈતન્ય છું અને ક્ષેત્ર તો અતિ મલિન છે, જડ છે, નાશવંત છે એમ દઢપણે સમજીને એ સર્વેથી વૈરાગ્યને પામીને સ્વધર્મે સહિત જે ભગવાનને વિષે ભક્તિ કરવી તેને એકાંતિકની ભક્તિ કહીએ અને જ્ઞાની પણ એને કહીએ અને એ જ્ઞાની તે સર્વથી શ્રેષ્ઠ છે. એમ સમજીને ઈન્દ્રીયો-અંતઃકરણ-વિષય એ સર્વેનાં જે મૂળ તે જીવમાંથી ઉખેડી નાખીને ભગવાનને વિષે હેત કરવું એ જ ઠીક છે. અને એ ઈન્દ્રીય, અંતઃકરણ ભગવાન સંબંધી વિષય ગ્રહણ કરવામાં ઉપયોગી છે એમ સમજીને એનો ગુણ ન લેવો અને એને તો વૈરી જાણવા ને તેનો વિશ્વાસ ન કરવો. માટે આત્મરૂપ થઈ ભગવાનને વિષે હેત થાય તે ઠીક છે એમ અમારો સિધ્ધાંત છે ને એવી રીતે જે ભગવાનમાં હેત કરે છે અને ભગવાનની પ્રાર્થના કરે છે જે હે મહારાજ! હે સ્વામિન્! હે ભક્તવત્સલ! હે દયાનિધો! ઈંદ્રિયો-અંતઃકરણ એ મારા શત્રુ છે માટે એ થકી મારી રક્ષા કરજો. એમ નિરંતર પ્રાર્થના કરવી ને પોતાને ક્ષેત્રજ્ઞ ચૈતન્ય જીવરૂપ માનીને ભગવાનને વિષ હેત-ભક્તિ કરવી.

પંચાળા-૭ : ધામ જે પોતાનું સ્વરૂપ તેણે કરીને ટાળ્યું છે એ માયારૂપ કપટ જેમણે એવું ભગવાનનું મનુષ્યરૂપ પણ સત્ય સ્વરૂપ છે. અને આત્યંતિક પ્રલયને અંતે અક્ષરધામને વિષે જેવું ભગવાનનું સ્વરૂપ અનંત ઐશ્વર્ય-તેજે યુક્ત છે તેવું ને તેવું જ જે પ્રત્યક્ષ મનુષ્યરૂપ ભગવાનને વિષે જાણવું તેણે તત્ત્વે કરીને ભગવાનને જાણ્યા કહેવાય. અને જયારે માયીક દ્રષ્ટિ મટે ત્યારે એની એ જે ભગવાનની મૂર્તિ તેને પરમ ચૈતન્ય સત્-ચિત્-આનંદમય જાણે અને પોતાની યોગમાયાએ કરીને બાળક-યુવાન-વૃધ્ધપણું તથા જન્મ-મરણપણું દેખાય છે પણ વસ્તુગતે તો ભગવાન જેવા છે તેવા ને તેવા જ છે, ને સદા દિવ્ય સાકાર છે. અને એ જે પુરુષોત્તમ નારાયણ તે કોઈક કાર્યને અર્થે પુરુષ, પ્રકૃતિ (માયા), મહતત્ત્વ, વિરાટ, બ્રહ્માદિક તથા નારદ-સનકાદિકને વિષે એ પુરુષોત્તમનો અંતરયામીપણે પ્રવેશ થાય છે તેને તેને પોતાના પ્રકાશે કરીને લીન કરી નાખીને પોતે જ તે રૂપે કરીને સર્વોત્કર્ષપણે વિરાજમાન રહે છે અને જે કાર્યને અર્થે પોતે જેમા પ્રવેશ કર્યો હતો તે કાર્ય કરી રહ્યા કેડે તેમાંથી પોતે નીસરી જાય છે ત્યારે તો તે પંડે જેવો હોય તેવો રહે છે. અને તેમાં જે અધિક દૈવત જણાતું હતું તે તો પુરુષોત્તમ ભગવાનનું હતું. એવા તેજોમય દિવ્યમૂર્તિ જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે ને પોતાને વિષે નવ પ્રકારની ભક્તિ જીવોને કરાવવાને અર્થે કૃપા કરીને પોતાની જે સર્વ શક્તિઓ, ઐશ્વર્ય, પાર્ષદ તેણે સહિત થકા જ મનુષ્ય જેવા થાય છે, ત્યારે પણ જે એવા મર્મના જાણનારા છે તે આ ભગવાનનું સ્વરૂપ અક્ષરધામને વિષે જેવું રહ્યું છે તેવું જ પૃથ્વીને વિષે જે ભગવાનનું સ્વરૂપ રહ્યું છે તેને સમજે છે પણ તે સ્વરૂપને વિષે અને આ સ્વરૂપને વિષે લેશમાત્ર ફેર સમજતા નથી એમ જાણી પુરુષોત્તમ ભગવાનની ઉપાસના ભક્તિ કરે છે. એવી રીતે ભગવાનને જાણ્યા તેને માયાની નિવૃત્તિ થઈ કહેવાય. અને એમ જાણે તેને જ્ઞાની ભક્તિ કહીએ ને તેને એકાંતિક ભક્ત કહીએ અને તેને કદાચિત્ કોઈ કુસંગને યોગે કરીને અથવા પ્રારબ્ધ કર્મને યોગે કરીને કાંઈ અવળું વર્તાઈ જાય તોપણ તેનું કલ્યાણ થાય. અને આવી રીતે ભગવાનને જાણ્યામાં સંશય હોય ને તે જો ઉર્ધ્વરેતા નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય તો પણ તેનું કલ્યાણ થાવું અતિ કઠણ છે.

**ક્રમશઃ**



મહારાજની મૂર્તિ વિના બીજું વર્ણન છે તે તો નાવ વિના સમુદ્રમાં પડ્યા જેવું છે.

# કેળવણી

## કેરળ પ્રવાસ

શ્રી અબજીબાપા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ સેન્ટર સંચાલિત શ્રી ઘનશ્યામ એકેડમી બળદિયાના આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશીના માર્ગદર્શન હેઠળ કેરળ પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. શાળા કક્ષાએ પ્રવાસ એ શૈક્ષણિક પ્રવૃત્તિનો એક ભાગ હોય છે, શિક્ષણનું જીવંત માધ્યમ છે. આ હેતુસર શાળામાંથી કેરળ પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. પ્રવાસની શુભ શરુઆત તા. ૮-૧૧-૨૦૨૪ને શુક્રવારના રોજ વહેલી સવારે અબજીબાપા છતેડીથી ભગવાનના દર્શન કરી સવારના ૬:૪૫ વાગ્યે શાળામાંથી ગાંધીધામ જવા નીકળ્યા. ગાંધીધામથી ૧૦:૩૫ મિનીટે અરનાકુલમ એક્સપ્રેસમાં દરેક વિદ્યાર્થીઓને શિક્ષક સાથે પોતાની સુનિશ્ચિત કરેલ જગ્યાએ બેસાડ્યા અને ૪૮ કલાકની મુસાફરી કરી તા. ૧૦-૧૧-૨૦૨૪ને રવિવારના સવારે ત્રિવેન્દ્રમ સેન્ટ્રલ સ્ટેશન ઉપર પહોંચ્યા. ત્યારબાદ ત્યાંથી બસ દ્વારા અમે ફ્રેશઅપ થઈને પદ્મનાભ સ્વામી મંદિરમાં ત્યાંના પરંપરાગત પોશાક સાડી, ધોતી અને ખેસ પહેરીને દર્શન કરવા માટે ગયા. ત્યાં ચાર કલાકની પ્રતીક્ષા બાદ દર્શન કરી અને હોટલમાં જવા રવાના થયા. બપોરના ૧:૩૦ વાગે હોટલમાં પહોંચીને બધા જમ્યા ત્યારબાદ ત્યાંથી ૩:૩૦ વાગ્યે કોવાલમમાં આવેલ લાઈટ હાઉસ જોઈ અને કોલાવમ બીચ જોવા ગયેલ. ત્યાં બધા વિદ્યાર્થીઓ માર્કેટમાં ફરી અને સમુદ્ર કિનારે સૂર્યાસ્તનો નયનરમ્ય નજારો માણ્યો હતો. ત્યારબાદ ફરી હોટલ પર જવા રવાના થયા. સાંજે સ્વરુચી ભોજન કર્યા બાદ બધા વિદ્યાર્થીઓને સુવડાવ્યા.

બીજા દિવસે તારીખ ૧૧-૧૧-૨૦૨૪ને સોમવારના સવારના નાસ્તો કરીને ૮:૩૦ વાગ્યે પુવાર આઈલેન્ડ જોવા ગયા. ત્યાંના કુદરતી વાતાવરણ અને પ્રકૃતિના અદ્ભુત સૌંદર્યને જોઈ બધા આનંદિત થઈ ગયા. ત્યાંથી બપોરના ૧૨:૦૦ વાગ્યે બધા બસમાં બેસી કન્યાકુમારી જવા રવાના થયા. ત્યાં બપોરના ૩:૩૦ વાગ્યે પહોંચ્યા. કન્યાકુમારીમાં આવેલ ત્રણ સમુદ્ર હિંદ મહાસાગર, અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના ત્રિવેણી સંગમ વિશે સુભાષભાઈ જોશી અને શાળાના શિક્ષક શ્રી વિજયભાઈ ડોડીયા દ્વારા માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ આચાર્યા શ્રીમતી શુભાંગીબેન જોશી અને શાળાના શિક્ષક શ્રીમતી દક્ષાબેન રાઘવાણી શ્રી સ્વામી વિવેકાનંદ રોક મેમોરીયલની ટીકિટ લઈને બધા વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદ મેમોરીયલમાં ક્રુઝમાં બેસીને લઈ જવામાં આવ્યા. સ્વામી વિવેકાનંદ રોક મેમોરીયલમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ધ્યાન ખંડમાં બેસીને ધ્યાન કરીને આનંદ મેળવ્યો. ત્યારબાદ કન્યાકુમારી મંદિરોમાં બધાને દર્શન કરાવી ત્યાંથી કોવાલમ જવા સાંજના ૭:૩૦ વાગ્યે રવાના થયા. રાત્રે ૧૦:૩૦ વાગ્યે હોટલ પહોંચી જમી અને બધા સૂઈ ગયા.

ત્રીજા દિવસે તારીખ ૧૨-૧૧-૨૦૨૪ને સવારે ૮:૦૦ વાગ્યે થેકડી જવા માટે રવાના થયા હતા. કેરળના થેકડી જતા રસ્તામાં આવતા પર્વતો એ વિવિધ વૃક્ષોનો નજારો જોતા અમે બપોરના રસ્તામાં અગિયારસનું ભોજન-પ્રસાદ લઈને ત્યાંથી નીકળી સાંજે ૫:૦૦ વાગ્યે હોટલમાં બધાનો સામાન રાખી ફ્રેશ થઈ ૫:૩૦ થી ૭:૩૦ સુધી ખરીદીનો સમય આપેલ. જેમાં બધા વિદ્યાર્થી અને શિક્ષકો અલગ-અલગ મરી-મસાલાની દુકાનોમાં વિવિધ ગરમ મસાલાઓની ખરીદી કરી હતી. ત્યારબાદ થેકડીમાં રાત્રીના ૮:૦૦ વાગ્યાનો માર્શલ આર્ટનો સુંદર શો નિહાળી વિદ્યાર્થીઓ અચંબિત થઈ ગયા હતા. અને માર્શલ આર્ટના કલાકારો સાથે બધાએ ફોટો લીધા હતા. સુભાષભાઈ જોશી દ્વારા બધાને માર્શલ આર્ટ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ રાત્રીનું ભોજન કરીને બધાને સુવડાવ્યા હતા.

ચોથા દિવસે તારીખ ૧૩-૧૧-૨૦૨૪ના સવારના ૭:૦૦ વાગ્યે થેકડી માંથી જીપ દ્વારા જંગલ સફારી માટે નીકળ્યા હતા. જેમાં પ્રથમ એક સુંદર વહેતી નદીના સુંદર દર્શન બધા વિદ્યાર્થીઓએ પોતાના ફોનમાં ફોટામાં કેદ કર્યા હતા. ત્યાંથી આગળ જીપમાં ઓફરોડ પર્વતની વચ્ચે સેલ્ફી પોઈન્ટ પર લઈ જવામાં આવ્યા હતા. ત્યાંથી આગળ બધા લી-લી ચાના બગીચા જોવા માટે બધા વિદ્યાર્થીઓને લઈ જવામાં આવ્યા. ગાર્ડનમાં રહેલ ગાઈડ દ્વારા ૧૫ વિદ્યાર્થીઓનું એક ગ્રુપ બનાવી દરેક ગ્રુપને અલગ અલગ ગાઈડ દ્વારા ગાર્ડનમાં તજ, લવિંગ, અશ્વગંધા, ભગરાજ, કોફી વગેરેના લાભો વિષે ખૂબ સુંદર લાઈટીંગ વાળી બસમાં મુસાફરી કરતા-કરતા બધા સાંજે મુન્નારમાં આવેલ હોટલમાં પહોંચી અને રાત્રે જમ્યા બાદ બધાએ આરામ કર્યો હતો.

પાંચમાં દિવસે તારીખ ૧૪-૧૧-૨૦૨૪ને ગુરુવારને સવારે નાસ્તો કરી બધા સવારે ૮:૦૦ વાગ્યે બસમાં બેસી અને રોઝ ગાર્ડન જોવા નીકળ્યા. રોઝ ગાર્ડનમાં આવેલ વિવિધ ફૂલો એન ફૂલછોડ જોઈ બધાએ પોતાના ફોનમાં ફોટો પાડ્યા હતા. ત્યાંથી બસમાં બેસી ચા ની ફેક્ટરી જોવા માટે નીકળ્યા. બપોરે ૧૨:૦૦ વાગ્યાના સ્લોટમાં અમારો નંબર હતો. ત્યાંના માર્ગદર્શકે બધાને ચા કેવી રીતે બને અને તે સંપૂર્ણ પ્રોસેસ વિશે જાણકારી આપી હતી અને એક વીડિયો ક્લીપ બતાવી અને ફેક્ટરીની મુલાકાત લીધી હતી. ત્યારબાદ ત્યાં આવેલ મેટુપટ્ટી ડેમનો નજારો જોયો હતો. ત્યાંથી આગળ વધતા ઈક્કો પોઈન્ટની મુલાકાત લીધેલ જેમાં બધા વિદ્યાર્થીઓ નદીકાંઠે પોતાના ઈક્કો સાંભળવા જોર જોરથી અવાજો કર્યા હતા. ત્યારબાદ ૨:૦૦ વાગ્યે બપોરનું ભોજન લઈ અને બસમાં કોચી જવા માટે બધા નીકળ્યા હતા. રાત્રે ૮:૦૦ વાગ્યે કોચી પહોંચી ભોજન આરોગી અને બધાએ વિશ્રામ કર્યો.

છઠ્ઠા દિવસે તારીખ ૧૫-૧૧-૨૦૨૪ને શુક્રવારના

રોજ સવારે નાસ્તો કર્યા બાદ કોચીમાં આવેલ ઐતિહાસિક બંદના કંઠે દરેક વિદ્યાર્થીઓને લઈ જવામાં આવ્યા. ત્યાના સમુદ્રમાં ચાલતી રો-રો ફેરી મેટ્રો બોટ વિવિધ બોટો અને દરિયાકિનારે આવેલ વિવિધ સ્થળોની મુલાકાત બધાએ ત્યાંની બોટ મીની ક્રુઝમાં બેસીને માણી હતી. અને ક્રુઝમાં રહેલ ગાઈડે બધાને ગરબા અને વિવિધ ગીતો પર નૃત્ય કરાવી આનંદ અપાવ્યો હતો. આમ બપોરના ૧૨:૦૦ વાગ્યે ત્યાંથી હોટલ પર આવી બપોરનું જમવાનું પૂર્ણ કરી ત્યાંથી કોચીમાં આવેલ lu-lu (લુ-લુ) મોલમાં બપોરના ૩:૦૦ વાગ્યાથી ૫:૩૦ વાગ્યા સુધી ખરીદી કરવા માટે લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ ૫:૩૦ વાગ્યે ફરી બધા આજના આ કેરળ પ્રવાસના અંતિમ દિવસની સફર પૂર્ણ કરી રેલ્વેસ્ટેશન જવા રવાના થયા. રાત્રે રેલ્વેસ્ટેશનમાં વિદ્યાર્થીઓને ભોજન કરાવી અને પોતાની સુનિશ્ચિત કરેલ જગ્યા ઉપર ઓખા એક્સપ્રેસના ડબા નંબર S-4 માં બેસાડવામાં આવ્યા. આમ લાંબી મુસાફરી કરી અને ૧૭ તારીખે વહેલી સવારે ૭ વાગ્યે અમે વિરમગામ સ્ટેશન ઉપર પહોંચ્યા હતા. ત્યાંથી ફરી બધા વિદ્યાથીઓને ભરપેટ નાસ્તો કરાવીને ફરી વતન કચ્છ તરફ રવાના થયા. ફરી છ કલાકની મુસાફરી પૂર્ણ કરી તારીખ ૧૭-૧૧-૨૦૨૪ને રવિવારના દિવસે બપોરે ૪ વાગ્યે બધા ભગવાન શ્રી સ્વામિનારાયણ અને શ્રી અબજી બાપાશ્રીની જય બોલાવતા બળદિયા પહોંચ્યા હતા. આમ આ સંપૂર્ણ પ્રવાસ બધા માટે જીવનનો એક યાદગાર પ્રવાસ બની રહ્યો હતો. અંતમાં પ્રવાસ વિશે કહીએ તો

"Education is not the filling of a pail, but the lighting of a fire. A picnic in the lap of nature can spark curiosity, foster camaraderie and turn learning into an adventure"

## સાપુતારા પ્રવાસ

શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક અને માધ્યમિક શાળા બળદિયામાં તારીખ ૧૫-૧૨-૨૦૨૪ થી ૧૮-૧૨-૨૦૨૪ સુધી શાળાના આચાર્ય શ્રી ડૉ. એસ.એમ. પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ શૈક્ષણિક પ્રાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ધો-૬ થી ૧૦ના કુલ ૧૫૧ વિદ્યાર્થીઓ જોડાયા હતા અને શાળાના આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલ સાહેબ તથા શિક્ષકોમાં શ્રી નરેન્દ્રભાઈ, શ્રી નરેશભાઈ, શ્રી રાજેશભાઈ તથા શ્રી શૈલેષભાઈ સિંઘવ પણ જોડાયા હતા. આ પ્રવાસ ઘનશ્યામ ટુર્સમાં લઈ જવામાં આવ્યો હતો. સૌ પ્રથમ તા. ૧૫-૧૨-૨૦૨૪ને રવિવારના રોજ બપોરે ૧:૩૦ કલાકે અહીંથી પ્રવાસ જવા માટે રવાના થયા હતા. રસ્તામાં હળવદ નકલંકધામે રાત્રિભોજન કર્યું હતું. વહેલી સવારે ઉનાઈ પહોંચ્યા અને ત્યાં સ્નાન કરવા માટે ગરમ પાણીના ઝરાની સુંદર વ્યવસ્થા હતી. ત્યાં વિદ્યાર્થીઓએ સ્નાન કરી પૂજા કરી અને ત્યારબાદ સવારનો નાસ્તો કર્યો હતો. ત્યારબાદ ત્યાંથી અમે ડાંગમાં આવેલા ગીરાધોધ જોવા જવા માટે રવાના થયા હતા. ગીરાધોધ પહોંચીને વિદ્યાર્થીઓએ ત્યાં ખૂબ આનંદ કર્યો હતો. ધોધનું નયનરમ્ય દ્રશ્ય નિહાળીને વિદ્યાર્થીઓ ખૂબ ખુશ થયા હતા. ત્યારબાદ બપોરનું ભોજન પણ ત્યાં જ લીધું હતું. ત્યારબાદ ત્યાંથી અમે એશિયાનું સૌથી મોટું ગાર્ડન બોટનિકલ ગાર્ડન જોવા ગયા હતા. એ ગાર્ડનમાં વાંસના મોટા-મોટા ઝાડ તથા વાંસમાંથી બનાવેલી અલગ-અલગ વસ્તુઓ પણ હતી. ત્યાંથી અમે સાપુતારા જવા માટે રવાના થયા હતા. સાંજે ૫:૦૦ વાગ્યે ત્યાં પહોંચ્યા હતા. સાપુતારામાં આવેલી સાત પર્વતોની ગિરિમાળા જોવા માટે ત્યાની ગાડીઓમાં બેસીને ગયા હતા. ત્યાંથી વિદ્યાર્થીઓએ વિંધ્યાચલ પર્વત પણ નિહાળ્યો હતો. ત્યાં ભગવાન ગણેશના મંદિરે ભાવથી દર્શન કર્યા હતા. ત્યારબાદ સેલ્ફી પોઈન્ટ પર ગ્રુપ ફોટો લીધો હતો. ત્યારબાદ સનસેટ પોઈન્ટ ગયા હતા. ત્યાં પણ ઘણા ફોટો પાડ્યા હતા. આ ગિરિમાળાઓનું આબેહુબ દ્રશ્ય નિહાળીને પોઈચા પહોંચ્યા હતા અને ત્યાં જ રાત્રિરોકાણ કર્યું હતું. ત્યાં અમે સવારે નાસ્તો કર્યો. ત્યારબાદ નીલકંઠ ધામમાં બાળઘનશ્યામ, કષ્ટભંજન હનુમાનદાદા વગેરે ભગવાનના દર્શન કર્યા. ત્યાંથી અમે સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડીયા એકતા નગર ગયા, ત્યાંથી અમે મુખ્ય બસ-સ્ટેશન પહોંચ્યા. ત્યાંથી અમે નીચેની નદી, નર્મદા બ્રીજ જેવા કુદરતી સ્થળો જોયા અને ત્યારબાદ બપોરે ભોજન ત્યાં જ કર્યું. ત્યાર પછી અમે જંગલ સફારી જોવા ગયા. ત્યાં વિવિધ પ્રકારના પ્રાણીઓ અને પક્ષીઓ જોયા. ત્યારબાદ અમે રાત્રે સ્ટેચ્યુ ઓફ યુનિટી નો લેઝર શો જોયો. ત્યાંથી નર્મદા આરતીનો લાભ લીધો હતો. પાછા ત્યાંથી જ્યાં બસ ઊભી રાખેલી હતી ત્યાં એક મંદિરે રાત્રી ભોજન કર્યું. ત્યાંથી અમે મુસાફરી કરી વડોદરા દાદા ભગવાનના મંદિરે રાત્રિ રોકાણ કર્યું. ત્યાંથી અમે સવારે નાસ્તો કરી અમૂલ ડેરી તેમજ ચોકલેટ ફેક્ટરી જોઈ અને પછી વડતાલ ધામ જવા નીકળ્યા અને ત્યાં વડતાલ મંદિરના ૪ વાગ્યે દર્શન કર્યા હતા. રાત્રે વિરમગામથી આગળ રાત્રિ ભોજન કર્યું અને રાત્રિ મુસાફરી દ્વારા પ્રવાસની યાદોને

## મૂર્તિ સુખે સુખી થયા

- ગામ ભેચડાના ભગવાનભાઈ મોહનભાઈ પટેલના ભત્રીજા રતિલાલભાઈ મહાદેવભાઈ પટેલ ઉ.વ. ૬૧ તા. ૯-૧૨-૨૦૨૪ના રોજ મૂર્તિ સુખે સુખિયા થયા છે.
- ગામ મોટા અંકેવાળીયાવાળા બચુદાદાના પૌત્ર કાર્તિક મણીલાલ પાંચોટીયા ઉ.વ. ૨૬ તા. ૧૬-૧૨-૨૦૨૪ના રોજ મૂર્તિ સુખે સુખિયા થયા છે.

**શ્રીજીમહારાજ તેમને પોતાની મૂર્તિનું સુખ વિશેષ ને વિશેષ આપે અને તેમના પરિવારને ધીરજ અને બળ આપે એવી શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના ચરણોમાં પ્રાર્થના........**

## શ્રી ઘનશ્યામ એકેડેમી - બળદિયાના વિદ્યાર્થીઓનો કેરળ પ્રવાસ


ક્રુઝ સવારી - કોચી


કુઆલમ બીચ - ત્રીવેન્દ્રમ


માર્શલઆર્ટ શો - થેકડી


વિવેકાનંદ મેમોરીયલ - કન્યાકુમારી


ટી ગાર્ડન - મુન્નાર


ટી ફેક્ટરી - મુન્નાર

## શ્રી સ્વામિનારાયણ પ્રાથમિક / માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો સાપુતારા તથા રામપર ગંગાજી પ્રવાસ


બોટાનીકલ ગાર્ડન - વઘાઈ


નીલકંઠવર્ણીધામ - પોઈચા


હિલ સ્ટેશન - સાપુતારા


અમુલ ચોકલેટ પ્લાન્ટ - આણંદ


સ્મૃતિવન - માંડવી રોડ


ગંગાજી - રામપર

MURTI
JANUARY 2025
Year - 22 : Issue - 01

Gujarati Monthly. RNI No. GUJGUJ/2004/52455. Permitted to Post at Bhuj Sorting Office on Date 13th of every month under Postal Registration No. G/KCH/173/2025-2027. Licence to post without pre-payment No. G-PMG-RJT/030/2025




-: Publisher :-
Shree Abjibapani Chhatedi & Hanumanji Mandir,
Post : Baladia, Ta.: Bhuj, Dist : Kachchh,
GUJARAT : PIN - 370427.
Contact No. 90990 49282 / 90990 49284

Printed and Published by Kalyan Naran Vekaria, on behalf of Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Printed at Swastik Printers - Basement Pindoriya Chambers , New Station Road, Bhuj-Kachchh. 370001 and Published at Abjibapashri ni Chhatri & Hanumanji Mandir Trust. Po. Baladia, Bhuj-Kachchh. Editor : Kalyan Naran Vekaria